ॐ

રઠવ પંચાલ (મનુ-લોહકાર-કુટુંબ)

મંડળ.

સ્થાપીત—અમદાવાદ.

આ મંડળનું સ્થાપન સંવત ૧૯૬૬ ના ભાદરવા
સુદી ૫ ને ગુરૂવાર તા. ૮ મી સપટેમ્બર
સને ૧૯૧૦ના રોંજ થયું છે.

દોહરો.

નીતિ ધર્મના જ્ઞાનથી, સુખ અહિં તહિં બહુ થાય
સર્વ વિઘ્ન આઘાં ખસે, મન મળ નિકળી જાય

સરઠવ પંચાલ મંડળ તરફથી
લખનાર અને પ્રસિદ્ધ કરનાર—મંગળદાસ જયચંદ્ર.
માંડવીની પોળમાં લાલાભાઇની પોળ—અમદાવાદ.
છાપનાર.—લલ્લુભાઈ ઈશ્વરભાઇ નિર્મળ પ્રિં૦ પ્રેસ પીરમસારોડ—અમદાવાદ.
પ્રત. ૧૦૦૦ સને ૧૯૧૪

આ મંડળના નિયમો અને હેતુઓ નીચે મુજબ છે અને મંડળમાં દાખલ થનારને લાગુ પડે છે.

મંડળના નિયમો.

આ મંડળનું નામ સરઢવ પંચાલ (મનુવૈશી કુટુંબ) મંડળ એટલે સરઢવ ગામનું નામ છે પંચાલ (લોહકાર) જ્ઞાતીનું નામ છે; મંડળ સ્થાપક એક કુટુંબના છે, માટે આ મંડળનું નામ તે ઉપરથી સરઢવ પંચાલ મંડળ રાખવામાં આવ્યું છે.

સરઢવ પંચાલ (મનુવૈશી કુટુંબ) મંડળના વારસ તરીકે દાખલ થનાર તે કુટુંબના વૈશનાજ હોવા જોઈએ ને દાખલ ફી તરીકે ઘર દીઠ રૂ. ૧૦) અંકે રૂપીઆ દશ અને લવાજમ તરીકે દર વરસે રૂા. ૩) અંકે રૂપીઆ ત્રણ આપવા પડશે.

સરઢવ પંચાલ મંડળના ગામના વારસ તરીકે દાખલ થનાર તે ગામનાજ હોવા જોઇએ ને દાખલ ફી તરીકે ઘરદીઠ રૂ. ૮) અંકે રૂપીઆ આઠ અને લવાજમ તરીકે દર વરસે રૂ. ૩) અંકે રૂપીઆ ત્રણ આપવા પડશે.

સરઢવ પંચાલ મંડળના સભાસદ તરીકે દાખલ થનાર (મનુ–લોહકાર) જ્ઞાતીનાજ હોવા જોઇએ ને દાખલ ફી તરીકે ઘરદીઠ રૂ. ૫) અંકે રૂપીઆ પાંચ અને લવાજમ તરીકે દર વરસે રૂ. ૩) અંકે રૂપીઆ ત્રણ આપવા પડશે.

સરઢવ પંચાલ (મનુવૈંશી કુટુંબ) મંડળના વ્યવસ્થાપક અને વહીવટ કરનાર તેજ કુટુંબના હોવા જોઇએ અને આ મંડળના નિયમોમાં ફેરફાર કરવાની, નવા ઉમેરવાની, અગર તેને રદ બાતલ કરવાની કુલ સત્તા મંડળના વ્યવસ્થાપક અને વહિવટ કરનારને છે પરંતુ મંડળના નિયમો અને હેતુઓમાં થયેલા ફેરફારની યોગ્ય વખતમાં દરેક સભાસદોને ખબર આપવામાં આવશે.

મંડળના હેતુઓ.

મંડળનો કોઇપણ માણસ નીચે લખેલા ઠરાવ મુજબ નહી વર્તે તો ઠરાવ મુજબ કસુર લેવાશે અને કસુર નહી આપે તો તેને મંડળના વહેવારથી બંધ કરવામાં આવશે ને તેનો કોઇપણ જાતનો હક તથા મંડળના વહેવારનો હક રહેશે નહીં.

મંડળે મુકરર કરેલા દીવસે નીચે સહી કરનારાઓએ હાજર થવું ને હાજર ન થાયતો એક આનો કસુર આપે પણ પોતે કોઇપણ કામની અડચણથી હાજર ન થાય ને અડચણ છે તે સર્વેને યોગ્ય લાગે તેવી હોયતો છુટી.

મંડળના કોઇપણ માણસને કાંઇપણ કામ આવી પડે તો ભાઇઓની સલાહ લેવા માટે મંડળ ભેગું કરવું બાદ સવારથી મંડળ ભેગું કરવામાં આવે ને અગીઆર વાગ્યાની અંદર કામ પુરૂં ન થાય તો જમવાનું સવારમાં દસ વાગ્યાની અંદર ખીચડીને શાક જમાડવું તે મુજબ નહીં

વર્તે તો તેના કામમાં કોઇપણ ટેકો આપશે નહી તેટલુંજ નહી પણ તે પોતે કસુરવાન ગણાશે.

મંડળના માણસમાંના કોઇને મંડળના વહેવારથી દુર કરવામાં આવે ત્યારે દુર થયેલા અગર મંડળે દુર કરેલા માણસની સાથે મંડળમાંના બીજા કોઇ તેની સાથે સબંધ રાખશે તો તે પણ કસુરવાન ગણાશે ને કસુર નહી આપે તો તેને પણ મંડળના વહેવારથી દુર કરવામાં આવશે.

નીચે સહીઓ કરનારામાંથી કોઇ પણ રાજી ખુશીથી અગર અન્યાયની તકરારથી જુદો પડશે તો તેના પાસેથી કસુર રૂ. ૧) થી માંડી રૂ. ૧૦૧) અંકે એકસો એક સુધીની કસુર લેઇ દાખલ કરવામાં આવશે ને જ્યાં સુધી તે પોતે મંડળથી બહાર રહેશે અગર મંડળથી બહાર પડનારની સાથે જે કોઇ બીજો પણ સામેલ થશે તેનો વહેવાર બંધ રાખવામાં આવશે.

મંડળમાંના કોઇપણ માણસની સ્થીતિ નરમ હશે ને મંડળને વ્યાજબી લાગતું હશે તો મંડળ તે માણસને ટેકો કરવા માટે બંધાયેલું છે.

ચઇતર સુદી ૧૫ તથા ભાદરવા સુદી ૫ ની ઉજાણી-ઓ તેમજ તે શિવાય ફાલતું ઉજાણી કરવાની મંડળની ઇચ્છા થાય તો તે પરમાણે વર્તી ને દરેક ઘરદીઠ ઓછામાં ઓછું એક સીધુ નાંખવું જોઇએ ને નહી નાંખે તો આઠ

આનાના પૈસા આપવા પડશે તેમજ અમુક મુકરર કરેલા વખતે જ્યાં ઉજાણી જવાનો જે જગ્યાનો ઠરાવ થાય ત્યાં દરેકે હાજર થવું જોઇએ તે પરમાણે ખરા કારણ શીવાય નહી વર્તે તો જે મંડળ ઠરાવ કરે તે મુજબ કસુર આપવી પડશે.

વીવાહ પ્રસંગ.

આપણા મંડળમાં વિવાહ પ્રસંગ કોઇને ત્યાં હોય ત્યારે મંડળે દર્શાવ્યા મુજબ વખતસર પુરૂષો તથા સ્ત્રીઓએ હાજર થવું પડશે ને જે માણસને કામની અડચણ હોય તો મંડળની રજા લેવાથી કસુરવાન નથી બાદ તે મુજબ નહી વર્તે તો કસુરવાન ગણાશે.

ગણેશાની લાવશી શેર અડધો ઉપર ઘી નાંખેલી-હેજમાં કલસાં, હાંસડી, અને લગ્ન વીત્યા બાદ પાપડ નંગ ૫) તથા પતાસાં (ખારેકો) નંગ ૫ તથા વડીઓ ઘર દીઠ આપવી પડશે તે મુજબ નહી વર્તે તો તે કસુરવાન ગણાશે.

વિવાહ પ્રસંગમાં ખાટા વડાનું અગર ગણેશાના માટે ભાઇઓને જમાડે અગર ન જમાડે તે પોતાની મરજી (ઇચ્છા) ની વાત છે.

જમણુ પ્રસંગનો ખરચ હોય ને ભાઇઓને ઘેર પીરશાં જે માણુસો જમવા ન આવેલા હોય ને તેમનાથી અવાય તેવું ન હોય તેમને લાવશી શેર પોણો, ખાંડ દોઢપાશેર, ઘી દોઢ પાશેર. તે મુજબ મળી શેર દોઢ આપવું અગર ખાંડ ન હોયતો લાવસી શેર એક તથા ઘી શેર અડધો તે મુજબ આપવું બાદ સીરો અગર કોરૂ જમણુ શેર દોઢ જોખીને આપવું તથા લાડવા ચુરમાના નંગ ૩) ત્રણ આપવા અગર છોકરાંના માટે પોણોશેર ભાર ને ચુરમાનો લાડુ એક તે મુજબ આપવા તથા બંહાર ગામ ગયેલાને ચાર દીવસમાં આવે નહી તો પીરશાં આપવામાં આવશે નહી અને ચાર દીવસની અંદર આવે તો પોતાને હાજરી (ખબર) આપવી પડશે, અને જમણ પ્રસંગનો જે ખરચ કરે તે ખર્ચના હીસાબે દર સેંકડે દોઢ ટકા (રૂપીઆ) પ્રમાણે પેઢીને ભેટ આપવી.

ફટાણા બૈરાંને ગાવા દેવા નહીં તે મુજબ વર્તસે નહી તેમની પાસેથી કસુર લેવાશે.

પુત્રીના પૈસા લેવા નહી તે બદલથી કોઇની સંપત નહી હોય તો ટેકા માટે મંડળ બંધાયેલું છે જો તે મુજબ નહી વર્તે તો તે કસુરવાન ગણાશે ને કસુર મંડળના કહેવા મુજબ આપવી પડશે ને મંડળના કહેવા મુજબ વર્તવું પડશે.

પુત્રીનો અગર પુત્રનો વિવાહ કર્યો બાદ તોડવો નહી ને જે તોડશે તેની પાસેથી રૂપીઆ ૧ થી રૂ. ૫૧) અંકે

એકાવન સુધી કસુર લેવામાં આવશે ને વીવાની યાદગીરી બદલ રૂ. ૦ાા અકે રૂપીઓ અરધો તથા લગ્નની યાદગીરી બદલ રૂ. ૧) અંકે રૂપીઓ એક પેઢીને ભેટ આપવો.

દરેક મેમ્બરે પોતપોતાના કુટુંબમાં પુત્રીના અગર પુત્રના વિવાહ પ્રસંગમાં ઘરદીઠ અરસ પરસ રૂપીઓ એક ચાંલ્લો કરવો ને વખતપર કોઇની સંપત ન હોયતો તે બદલની છુટી.

મરણ પ્રસંગ.

આપણા મંડળમાં કોઇપણ મરણ થાય ત્યારે મરણ પ્રસગે (સ્મશાનમાં) સ્ત્રીઓ તથા પુરૂષો એક એક પણ હાજર થવુ જોઇએ તે મુજબ નહી વર્તે તેની પાસેથી માણસ દીઠ એક આનો કસુર લેવામાં આવશે, ને બેસણાના દીવસે પુરૂષોને વખતસર ન આવી શકાય તો છુટી.

દરેક મેમ્બરે પોતપોતાના કુટુંબમાં છોકરાનું નવ માસ ઉપર ને છોડીનું બે વરસ ઉપર મરણ થાય તો સુતક કાઢતી વખતે મુછો ઉતરાવવી.

સુચના—જ્ઞાતિના જુદા જુદા તડો (મતો)ના કજીયા તથા ધર્મ ઉપરના ભિન્ન ભિન્ન વિચારો સાથે આ

મંડળને સબંધ નથી તેમજ તે કોઇ પણ ધર્મની આડે આવશે નહી.

આ મંડળના નિયમો અમે વાંચી સાંભળી વાકેફ થયા છીએ, અને તે પ્રમાણે પાળવા બંધાએલા છીએ અને અમે અમારી સહીઓ રાજી ખુશીથી નીચે પ્રમાણે કરી છે.

સરઢવ પંચાલ મંડળના વ્યવસ્થાપક.

પંચાલ. હીરાચંદ કેવળરામ સહી દા. મં. જ.
" હરીભાઇ પુંજાભાઇ સહી દા. પોતે.
" તુલસીભાઇ હીરાચંદ સહી દા. પોતે.
" મંગળભાઇ જયચંદ્ર સહી દા. પોતે.
" મગનલાલ હરીભાઇ સહી દા. મં. જ.
" રણછોડલાલ ફકીરચંદ સહી દા. પોતે.
" કાળીદાસ દલસુખરામ સહી દા. મુ. શી.
" મુળશંકર શીવરામ સહી દા. પોતે.
" મોતીરામ વનમાળી સહી દા. ર. ફ.
" હીરાચંદ વનમાળી સહી દા. પોતે.
" છગનલાલ તુલસીભાઇ સહી દા. શી. તુ.
" શીવરામ તુલસીભાઈ સહી દા. પોતે.
" નથ્થુરામ જોઇતારામ સહી દા. ડા. ર.
" ડાહ્યાભાઇ રણછોડદાસ સહી દા. પોતે.

વિશ્વકર્માય નમઃ

અથ શ્રીનીત્યનીયમ લીખ્યતે.

શ્રીગણેશાયનમઃ

હસ્ત દરસન કરવાનો મંત્ર.

કરાગ્રેવસતેલક્ષ્મીઃ કરમધ્યેસરસ્વતીઃ, કરમુળેસ્થીતો બ્રહ્મા, પ્રભાતે કર દર્શન.

પૃથ્વી સ્પર્શ કરવાનો મંત્ર.

ૐ સમુદ્ર વસનેદેવી, પર્વત સ્થન મંડળે, વીષ્ણુ-પત્ની નમસ્તુભ્યં, પાદ સ્પર્શ ક્ષમસ્વમે.

દીશા જવાનો મંત્ર.

તસ્યતસ્યતું દેવાના, ભુતપ્રેત પીસાચકા, મળમુત્રો મનુષ્યાણાં, મમદોષો નદીર્યતે.

હાથ ધોવાનો મંત્ર.

અશ્વક્રાંતે રથક્રાંતે વીષ્ણુંક્રાંતે વસુંધરે, માર્તી કેહર મેપાપં, અનમાયા પુર્વસંચીતં.

દાતણ કરવાનો મંત્ર.

આયુર્બલંયશોવર્ચ પ્રજાપુષ્ટીપશુનીચ, બ્રહ્મપ્રગ્યાંચ મેધાંચ તનો દેહીવનસ્પતે.

સુર્યને નમસ્કાર કરવાનો મંત્ર.

આદીત્યઃ પ્રથમંનામ, દ્વીત્યંતુદીવાકર, ત્રતીયં ભાસ્કરં પ્રોકતં, ચતુર્થં તુપ્રભાકર, પંચમંતુ સહસ્ત્રાશુ, ષષ્ટં ચૈવત્રી લોચનઃ, સપ્તમંહરીદશ્વશ્ચ, અષ્ટમંત્રવીભાવસુ, નવમંદીન કૃત્પ્રોકતં, દશમદ્વાદશાત્મકઃ, એકાદશાત્રયેમુર્તી, દ્વાદશસુર્યએવચ, દ્વાદશાદીત્યનામાનીપ્રાતઃકાળેપઠેન્નરઃ, દુઃશ્મન.સ નંચૈવ, સર્વદુઃખંચ નસ્યતી.

તુળશીને નમસ્કાર કરવાનો મંત્ર.

મહાપ્રસાદજનની, સર્વસૌભાગ્યવર્ધીની, આધીવ્યાધી હરાનીત્યં, તુળશીત્વં નમસ્તુતે.

ચોટલી છોડવાનો મંત્ર.

બ્રહ્મપાસ સહસ્ત્રેણ, રૂદ્રસુળસતેનચ, વીષ્ણુંચક્રસહસ્ત્રેણ શીખા મુકતી કરોમ્યહ.

સ્નાન કરવાનો મંત્ર.

જળેવીષ્ણું સ્થળેવીષ્ણું વીષ્ણું પર્વત મસ્તકે, જ-
વાળ માળકુળેત વીષ્ણું વીષ્ણુંસર્વમયં જગત.

તેજ વખતે તીર્થ પ્રાર્થના.

ગંગેચયમુનેચૈવ, ગોદાવરી સરસ્વતી, નર્મદેસીંધુકા
વેરી જળેસ્મીન સનીધંકુરૂં, નંન્દીની નલીનાસીતા માલ
તીચ મલાપહા, વીષ્ણું પાદાંબુજે સંભુતાગંગાત્રીપથ ગા-
મીની, ભાગીરથી ભોગવતી, જાનવીત્રીદશેશ્વરી, દ્વાદસેતા
નીનામાની, યત્રયત્ર જળાશયે, સ્નાનોદ્યતઃ પ્રેદ્યત્રઃ તત્રૈવ-
ની વસામ્યહં.

તુળશી તોડવાનો મંત્ર.

તુળસ્યા મૃતનામાની સદાત્વં કેશવપ્રીયે, કેશવાર્થેચી
નીમીત્ત્વા વરદાભવ સોભને.

આસન પવીત્ર કરવાનો મંત્ર.

પૃથવીત્વયા ધ્રતાલોકા, દેવીત્વં વીષ્ણુંના ધ્રના, ત્વંચ
ધારયમાંદેવી, પવીત્ર કુરૂચાસનં.

દીવાનો મંત્ર.

શુભં કરોતી કલ્યાણું, આરોગ્યં શુખસંપદા, દુર્બુધીર વીનાશાય, દીપો જ્યોતિ નમસ્તુતે.

ભસ્મના ત્રીપુંડનો વિધિ.

ૐ અગ્નિરિતિ ભસ્મ, વાયુરિતી ભસ્મ, જળમીતી ભસ્મ, સ્થળ મીતી ભસ્મ વ્યોમેતિ ભસ્મ, સર્વંહવાઈદં-ભસ્મ, મનએતાની ચક્ષુષી ભસ્માની. (એ મંત્રવડે મંત્રી તેમાં) ૐ આપો જ્યોતીરસોમૃત, બ્રહ્મ ભુર્ભુવઃ સ્વરોમ. (એ મંત્ર વડે, જળ નાંખી પછી બંને હાથની વચલી ત્રણ આંગળીઓ વડે તે ભસ્મને) ૐ ત્રંબકં યજામહે, સુગંધી પુષ્ટી વર્ધનમ્ ઉરવારૂંક મિત્ર બંધનાન્મૃત્યો, ર્મુક્ષીય મામૃ-તાત. (એ મંત્ર બોલી મસળવી. પછી શ્રીસુર્યને પ્રદક્ષીણ કરી, તે ભસ્મ વડે, લલાટ, કંઠ, હૃદય, બાહુઓની સંધીઓ, નાભી, પડખા અને શીર એ સ્થાનકે) ૐ નમઃ શીવાય એ મંત્રવડે ત્રીપુંડ કરવાં.

લલાટે કેશવાયનમઃ, નાભીએ નારાયણાયનમઃ, છા-તીએ માધવાયનમઃ, ગળે ગોવીંદાયનમઃ, જમણી કુખે વી-

વેનમઃ, જમણે હાથે મધુસુદનાયનમઃ, જમણે ગળે ત્રીવીક્રમાયનમઃ, ડાબી કુખે વામનાયનમઃ, ડાબે હાથે શ્રીધરાય નમઃ, ડાબે ગળે હૃષીકેશાયનમઃ, પાછળ પીઠપર પદ્મનાભાયનમઃ, બોચીયે દામોદરાયનમઃ, તાળવે વાસુદેવાયનમઃ

પછી ૐ ભૂઃપુનાતુ બોલી પહેલું, ૐ ભુવપુનાતુ બોલી બીજું, ૐ સ્વઃપુનાતુ બોલી ત્રીજું એમ ત્રણ આ-ચમન કરવાં.

પછી નીચે લખેલા ગાયત્રી મંત્રથી શીખા બાંધવી.

ૐ ભુર્ભુવઃસ્વઃ ૐ તત્સવીતુ ર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહી ધીયો યોનઃ પ્રચોદયાત.

[illegible]થી આચમનીમાં જળ લઈ નીચે પ્રમાણે સંધ્યાનો સંક[illegible]રીને જળ તરભાણીમાં નાંખવું.

અત્રાદ્ય મહામાંગલ્યપ્રદે, અમુક માસે, અમુક પક્ષે, અમુક તીથૌ, અમુક વાસરે, યથા વર્તમાન નક્ષત્ર, યોગ કરણ, લગ્ન મુહુર્ત, સમવાયે એવંગ્રહગણ, વિશિષ્ટાયાં, શુભ પુણ્ય તીથૌ, મમોપાત્ત દુરીતક્ષયાર્થં, પ્રાતઃ સંધ્યો પાસન મહં કરિષ્યે.

પછી નીચેના મંત્રથી માથાપર માર્જન કરવું.

ૐ આપો હીષ્ટા મયો, ભુવસ્તાન ઉર્જેદ ધાતંન, મહેરણાય ચક્ષસે, ૐ યોવઃ શિવતમો રસસ્તસ્ય, ભાજય તેહન, ઉશતીરિવ માતરઃ, ૐ તસ્મા અરંગ મામવો યસ્ય, ક્ષયાય જીન્વથ, આપો જનયથાચન.

દેવાર્ચનમ.

કસ્તુરી તીલકં લલાટ પટળે, વૃક્ષસ્થળે કૌસ્તુભં. નાસાગ્રે ગજ મૌકતીકં કરતળે, વેણું કરે કંકણં. સર્વાંગે હરી ચંદનં, સુલલીતં કંઠેચ, મુકતામણી ગોપસ્યપરી વેષ્ટી તો વીજયતે, ગોપાળ ચુડામણી.

પ્રાણાયામ મંત્ર.

ૐ ભુઃ ૐ ભુવઃ ૐ સ્વઃ ૐ મહઃ ૐ જન; ૐ તપ; ૐ સત્યં, ૐ તત્સવીતુર્વરેણ્યં, ભર્ગો દેવસ્ય ધી મહી, ધીયોયોનઃ પ્રચોદયાત, ૐ આપોજ્યોતી રસોમૃતં બ્રહ્મ ભુર્ભુવ; સ્વરોમઃ

પછી નીચેના મંત્રે સુર્યનારાયણને ત્રણ અર્ઘ આપવા.

ૐ ભુર્ભુવઃ સ્વઃ ૐ તત્સવીતુર્વરેણ્યં, ભર્ગો દેવસ્ય ધીમહી, ધિયોયોનઃ, પ્રચોદયાત.

પછી નીચેના મંત્રે ભગવાનને નમસ્કાર કરવા.

અપરાધ સહસ્રાણી કીયંતે અહરનીષ મયા, દાસોહં મીતીમાં મત્વા ક્ષમ્યતાં પરમેશ્વર.

ત્વમેવ માતાચ, પીતા ત્વમેવ, ત્વમેવ બંધુચ સખા ત્વમેવ, ત્વમેવ; વીદયા દ્રવીણું ત્વમેવ, ત્વમેવ સરવંમમ દેવ દેવ.

ભાવહીનો ભક્તીહીનો મંત્રહીનં સુરેશ્વરં, તત્સર્વં ક્ષમ્યતાં દેવ પ્રસીદ્ધ પરમેશ્વરં.

પછીથી આ મંત્ર ૧૦૮ વાર જપવો અથવા ૨૮ વા. ૧૮

અથ ગાયત્રી જપઃ પ્રણવસ્ય બ્રહ્મારૂષિઃ પરમાત્મ દેવિતા ગાયત્રીછંદઃ સર્વ પાપક્ષયાર્થ ગાયત્રી મંત્ર જપે વિનીયોગઃ, મંત્રઃ ઓં ભુર્ભુવ સ્વં, ઓં તત્સવીતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહી, ધીયોયોન પ્રચોદયાત.

તુળશીમાં પાણી રેડવાનો મંત્ર.

ગોવીંદં વલ્લભાદેવી, જગત ચૈતન્ય કારૂણી. સ્નાન પયામી જલંધ્યા, મમદોષો નદીયંતે.

સાંજનાં સુતી વખતે આ મંત્ર બોલી સુઇ જવું.

અનંત રૂપરૂપસ્ય, જયતેચવીનહવીનહ, યાનીનામાની દીવ્યાની, તતસર્વાની કેશવ.

મનુ ભગવાનની.

આરતી.

જયદેવ જયદેવ, જય જય જગદીશા (૨)
સર્વના પ્રતિ પાલક, સર્વોત્તમ ઇશા. જય૦ ॥ ૧ ॥
અહો જનાર્દન રૂપ, અખિલ જગત કર્તા (૨)
શરણાગત પ્રતિપાલક, અદ્‌ભુતગતિ કર્તા. જય૦ ॥ ૨ ॥
પ્રભુ પરાત્પર ચક્ષુ, વિશ્વમનુ તવ નામ; (૨)
કલ્પે કલ્પે રૂપે, ધરત્વા અભિરામ. જય૦ ॥ ૩ ॥
વિશ્વકર્મા વ્યાપક, સર્વોતમ રૂપ; (૨)
માયાના મનુ ધાતા, વિશ્વકૃતિ કર્તા. જય૦ ॥ ૪ ॥
અદ્‌ભુતવ્યાપિ નિરંતર, શરણાંગત ત્રાતા; (૨)
જુઓ જુઓ વ્યાપક, આરતા ઉતરનાં. જય૦ ॥ ૫ ॥
એક વદન સ્ફટીકરૂપ, ચાર ભુજા કહિયે; (૨)
ચતુરાયુદ્ધ બીરાજે, મણિ મુગટે સોહિયે. જય૦ ॥ ૬ ॥
પ્રકૃતિરદ્ધી અરધાંગે, જગ તીમિર હરતા; (૨)
બ્રહ્મા વિષ્ણુ સર્વ દેવો, ધ્યાન સદા ધરતા જય૦ ॥ ૭ ॥
એ આરતિનો મોટો મહિમા, સુરવર મુનિ જાણે; (૨)
મુક્તા પુષ્પે વધાવે, મનવાંચ્છિત ફળ પામે.જય૦ ॥ ૮ ॥

સ્તુતી.

હે વીશ્વેશ્વર હે જગત્રયગુરૂ, સર્વજ્ઞસચ્ચીદ્ઘના,
કુટુંબી જન મીત્ર બંધુ સઘળા, જે આ જગમતાં રહ્યા,
આ દેશે વસતા વીદેશ ફરતા, પંચાળ સમસ્તો તણાં,
પાપો સર્વ ક્ષમા કરી પ્રભુ તમે, સંતોષ આપો સદા.